
मन की बात 100
MANN KI BAAT 100

# મન કી બાત

વોલ્યુમ ૧



# MANN KI BAAT
## VOL.9

**Authors**
Sarda Mohan and Tanushree Banerji

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Colourists**
Prakash Sivan and Prajeesh V. P.

**Layout Artist**
Akshay Khadilkar

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

**GUJARATI**

ISBN – 978-93-6127-274-5

Amar Chitra Katha Pvt. Ltd, January 2024


© Ministry of Culture, Govt of India, January 2024
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.



મારા પ્રિય બાળકો,

મને એ વાતથી ખૂબ આનંદ થાય છે જ્યારે હું તમારા જેવા યુવા લોકોને તમે પસંદ કરેલા ક્ષેત્રોમાં પ્રખરતાપૂર્ણ ચમકતા જોઉં છું. તે કોઈ શૈક્ષણિક કે કોઈ વ્યાવસાયિક વિકલ્પ જ હોય એવું નથી - પણ તમે તમારા જુસ્સાને અનુસરો છો અને તમારી કુશળતાઓને વધારવા માટે સખત મહેનત કરો છો તે જોઈને જ આપણા દેશના સુંદર ભાવિ માટે મારા મનમાં એક મોટી આશા બંધાય છે.



આ વોલ્યુમમાં, તમે યુવા વેદાંગી કુલકર્ણીને મળશો જેણે સાઇકલિંગ કરવામાં એટલો આનંદ આવતો કે તે વિશ્વભરમાં સાઇકલિંગ કરનારી સૌથી નાની ઉંમરની મહિલા બની!
નવ વર્ષની ઉંમરના ક્રિશ્નીલ અનિલને રુબિક્સ ક્યુબનું ખૂબ આકર્ષણ હતું, તેણે તેને કલામાં ફેરવ્યું. જીગર ઠક્કરને જન્મ સાથે સેરેબ્રલ પલ્સીની બિમારી હતી પરંતુ તે એવોર્ડ-વિનિંગ પેરા સ્વીમર બન્યો.
એવા વયસ્ક લોકો પણ છે જે બિનપરંપરાગત વિકલ્પ પસંદ કરીને આનંદ ફેલાવે છે. મીરા શેનોયે પોતાનું જીવન અપંગ લોકોના સશક્તિકરણમાં વિતાવ્યું છે, જ્યારે શ્રીધર વેમ્બુએ ગ્રામીણ ભારતમાં યુવાનોને સશક્ત બનાવવાનો વિકલ્પ પસંદ કર્યો.
ફક્ત યાદ રાખો, કે તમારી પસંદગીઓ તમારા જીવનમાં ગુણવત્તાનો ઉમેરો કરે છે. તમારા મનની વાત સાંભળો અને યોગ્ય વિકલ્પ ચૂંટો.



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | બડૌત ગામ | 3 |
| 2 | ચંદ્રકાંત કુલકર્ણી | 5 |
| 3 | ચિન્મય અને પ્રજ્ઞા પાટણકર | 7 |
| 4 | હિરામાન કોર્વા | 10 |
| 5 | જીગર ઠક્કર | 13 |
| 6 | ક્રિષ્નીલ અનિલ | 16 |
| 7 | મદુરાઈ ચિન્ના પિલ્લઈ | 18 |
| 8 | મીરા શેનોય | 21 |
| 9 | રિંગફામી યંગ | 24 |
| 10 | શ્રીધર વેમ્બુ | 27 |
| 11 | વેદાંગી કુલકર્ણી | 30 |

# બડૌત ગામ



વિજ્ઞાનનો પીરિયડ હતો અને ક્લાસમાં સુએજ ડિસ્પોઝલ વિશે ભણાવાઈ રહ્યું હતું.
જો ગટરના પાણીનો યોગ્ય નિકાલ ન થાય, તો તેનાથી રોગચાળો ફેલાઈ શકે છે.




ગયા મહિને અમારી બિલ્ડિંગની પાસેના સુએજ પાઇપ્સ ફૂટી ગયા હતા. તે ખૂબ જ ભયંકર હતું!
તમે તે ગંદી વાસ સાથે કેવી રીતે રહ્યાં?





કોને હવે એક બ્રેક લેવાની મન કી બાતની સ્ટોરી સાંભળવાની ઇચ્છા છે?
હેયા!!
યસ!




હરિયાણાના પંચકુલાના બડૌત ગામમાં -
અરર! તે ઓવરફ્લો થઈ રહેલી ગટરમાંથી સખત ગંદી વાસ આવી રહી છે.
મારા બાળકો માંદા પડવા લાગ્યા છે. મને ચોક્કસપણે લાગે છે કે તે આસપાસના ગંદા પાણીને લીધે જ છે.





ગામમાં હમણાંથી ગટરના પાણીની નિકાસીની સમસ્યાઓ આવી રહી હતી.
મને અહીંથી શાકભાજી ખરીદવાનું મન નથી. તે બધું ખૂબ ગંદુ છે!
પણ આખું ગામ આના જેવું જ છે. આપણે શું કરી શકીએ?



ગ્રામ પંચાયત* માટે આ સમસ્યા ખૂબ મહત્વની છે.
સરપંચ જી, ગામમાં ખૂબ રોગચાળો ફેલાઈ રહ્યો છે. આપણે ગટરના પાણીના નિકાસ માટે કોઈ સિસ્ટમ લાગુ કરવી આવશ્યક છે.
હું સંમત છું. આપણે તે માટે કોઈ ફંડ કે મદદ આવે તેની રાહ ન જોવી જોઈએ. આપણે આ મુદ્દાને આપણાં પોતાના હાથમાં લેવો પડશે.
ઘણી મીટિંગો પછી, એક ઉકેલ ધીમે ધીમે બહાર આવવા લાગ્યો.
જો આપણે પાઈપોની મદદથી બધી ગટરોનું પાણી એક જગ્યાએ એકત્રિત કરીએ, તો તેનો નિકાલ કરવો વધુ સરળ રહેશે.
હા, આપણે તેને ગામની બહાર, રહેઠાણથી દૂર એકત્રિત કરી શકીએ છીએ.
આ પાણીને પણ ફિલ્ટર કરીએ તો? પછી આપણે તેનો ખેતીવિષયક હેતુઓ માટે ઉપયોગ કરી શકીશું.
તે અદ્ભુત વિચાર છે!
પંચાયતે ગામવાસીઓના સપોર્ટથી, આ પ્લાનને અમલમાં લાવવા માટે કામ શરૂ કર્યું.
જલ્દી જ -
જુઓ ગામ ફરીથી કેવું સાફ દેખાય છે!
હા, મને ગર્વ છે કે પંચાયતે આ સમસ્યાને કેવી સારી રીતે ઉકેલી અને દરેકજણે કેવી સરસ રીતે સાથે મળીને તેમની સહાય કરી!
પ્રધાનમંત્રી મોદીએ પોતાના રેડિયો શૉ, મન કી બાતમાં બડૌત ગામના લોકોની પ્રશંસા કરી.

*વિલેજ કાઉન્સિલ

# ચંદ્રકાંત કુલકર્ણી




*ઇસ્લામના અનુયાયીઓની દેખરેખ હેઠળ થતા દાનનો એક પ્રકાર


એક દિવસ -
મને દર મહિને આટલા બધા પૈસાની જરૂર નથી. ચાલો હું કોઈ સદ્કાર્ય માટે આમાંથી જ કંઈક દાન કરી દઉં.
તેમણે તેમની પેન્શનમાંથી થોડો ભાગ સ્વચ્છ ભારત અભિયાન*, સરકાર દ્વારા ચલાવવામાં આવતા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા કાર્યક્રમ માટે દાન પેટે આપવાનું શરૂ કર્યું.
હું કેટલાક પોસ્ટ-ડેટેડ ચેક પણ તૈયાર રાખીશ, જેથી કરીને હું નિયમિત રીતે દાન કરું.
ચંદ્રકાંતે તેના દાન વિશે પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીને લખ્યું.
તેમના મહાન યોગદાન બદ્દલ તેમનો આભાર માનવા માટે, પ્રધાનમંત્રી મોદીએ તેમની પૂનાની મુલાકાત વખતે ચંદ્રકાંત અને તેમના પરિવારને મળવાની વાત કરી.
સર, અહીં આ અભિયાન માટે 52 ચેક તૈયાર છે. આટલું હું ઓછામાં ઓછું મારા રાષ્ટ્ર માટે કરી શકું છું.
ચંદ્રકાંતજી તમે એક સાચા નાયક છો.
તેમણે આ સદ્કાર્ય માટે રૂ. 2,60,000 થી વધુ રકમનું દાન કર્યું.
ચંદ્રકાંતજીના આ ફાળાનો ઉલ્લેખ પ્રધાનમંત્રીના રેડિયો શૉ, મન કી બાતમાં પણ થયો હતો.
આપણા માટે ચંદ્રકાંત કુલકર્ણીથી વધુ કોઈ પ્રેરણામૂર્તિ હોઈ શકતી નથી. આવા લોકો જ આપણી સાચી તાકાત છે.


* ક્લિન ઇંડિયા મિશન

# ચિન્મય અને પ્રજ્ઞા પાટણકર














તેઓ 2009માં જ્યારે ન્યૂ જર્સી* ગયેલા, ત્યારે થોડા સમય માટે તેમનો મલખમથી સંપર્ક તૂટી ગયો હતો પરંતુ જલ્દી જ તેમણે તે પાછો મેળવ્યો.
હવે આપણી પાસે આપણાં બૅકયાર્ડમાં પોલ માટે જગ્યા છે, આપણે ફરીથી પ્રેક્ટિસ કરી શકીશું.
હું હવે ફરીથી મલખમ માટે અધીર છું!


શરૂઆતમાં, આવો શોખ ધરાવતા ફક્ત થોડાંક મિત્રો જ હતાં, પરંતુ જેમ જેમ તેનો પ્રસાર થયો...
પોલ પર યોગા!
મમ્મી, મારે પણ તે શીખવું છે!
...જિજ્ઞાસુ લોકો દેખાવા લાગ્યા



ચિન્મય અને પ્રજ્ઞાએ તેમને શીખવવાનું શરૂ કર્યું.
મલખમના ત્રણ પ્રકાર હોય છે. આજે, આપણે રોપ મલખમ શીખીશું.
હું કરું છું તે ઝીણવટપૂર્ણ જૂઓ.


જેમ જેમ પ્રતિભાગીઓ વધ્યા, ચિન્મયને એક સત્તાવાર પ્રશિક્ષણ કેન્દ્ર સ્થાપિત કરવાનું મન થયું. પણ -
મારો વિઝા મને કોઈ વ્યવસાય શરૂ કરવાની મંજૂરી આપતો નથી.
આપણે તેને નોન-પ્રોફિટ (બિન-નફાકારક સંસ્થા) તરીકે સ્થાપિત કરી શકીએ છીએ. આપણા મિત્રો તેમાં મદદ પણ કરી શકશે.
આ રીતે, 2015માં, મલખમ ફેડરેશન યુએસએ (એમએફયુ)ની સ્થાપના થઈ.

*યુ.એસ.એ.નું એક રાજ્ય





*આંતરરાષ્ટ્રીય યોગા દિવસ


હિરામાન કોર્વા
બધા બાળકો આજની મન કી બાતની સ્ટોરી સાંભળવા માટે તૈયાર હતા.
અમે અમારી સંસ્કૃતની ટેસ્ટ હમણાં જ આપી છે, સર. હવે અમને રિલેક્સ થવા માટે એક સારી સ્ટોરીની જરૂર છે.
તે સાચું છે! આજકાલ કોઈપણ સંસ્કૃત બોલતું નથી. પછી આપણે તે કેમ શીખવી પડે છે?
એવા લોકો હજીએ છે કે જેઓ સંસ્કૃત ભાષા બોલે છે. અને બીજી વાત કે તેને જાણ્યા વગર, આપણે આપણાં પ્રાચીન ગ્રંથો કેવી રીતે વાંચી શકીશું?
જેમ કે રામાયણ અને મહાભારત?
તે બરાબર. ભારતમાં ઘણી બધી ભાષાઓ છે જે લુપ્તપ્રાય થઈ રહી છે કારણ કે કોઈપણ તેનો ઉપયોગ કરતું નથી. ઝારખંડના સિંજુ ગામના હિરામન કોરવાના મનમાં આ વિચાર ઘર કરી ગયો.
હિરામન એક યુવાન છોકરો હતો, જ્યારે તેની જનજાતિની ભાષા તેને આકર્ષિત કરી રહી હતી.
દાદીમાં વાત કરે છે ત્યારે તેમના શબ્દોમાં કેટલી બધી અભિવ્યક્તિ હોય છે.
આ ભાષાની તાકત છે.



પણ હવેથી આપણી ભાષામાં ભાગ્યે જ કોઈ વાત કરે છે. ખૂબ જલ્દી જ તે ભૂલાઈ જશે.
તે આપણા માટે ચિંતાજનક છે. જો એવું થાય તો તે ખૂબ દુઃખદ હશે.
કોરવા જનજાતિની વસ્તી ફક્ત 6,000 લોકોની છે.
હિરામને મનમાં નિર્ધાર કર્યો
દાદીમા, હું આ ડાયરીમાં કોરવા ભાષાના તમામ શબ્દો નોંધવાનો છું. તમારે મારી મદદ કરવી જ પડશે.
બિલકુલ, હું જરૂર કરીશ. તમે બાળકો ભાગ્યે જ આ ભાષા બોલો છો.
હિરામનની ડાયરી ભરાવાનું શરૂ થયું.
મને આજે ત્રણ શબ્દો મળ્યાં. ઊંગા એટલે ગામ, તોરોઈ એટલે રાખ અને લેતે જોમૌહ એટલે ચાલો ખાઈએ!
માધ્યમિક શાળા પૂર્ણ કર્યા પછી, હિરામને ગોવિંદ હાઇ સ્કૂલ, ગઢવા*માં પ્રવેશ મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ -
પ્રવેશ ફી ખૂબ વધારે છે, મા.
તો પછી આપણે આપણાં થોડાં ચિકન વેચી દઈશું અને પૈસા મેળવશું. તારે ભણવાનું બંધ કરવાનું નથી.

*ઝારખંડનું એક શહેર





ગોવિંદ હાઇ સ્કૂલના પ્રિંસિપાલે હિરામનને આગળ શિક્ષણ ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યો, કોરવા શબ્દોની ડાયરીની સંખ્યા વધવાનું ચાલુ રહ્યું.
આ મારી છઠ્ઠી ડાયરી છે.
હિરામને 12 વર્ષ સુધી તેની માતૃભાષાના શબ્દો એકત્રિત કર્યા...
...પરંતુ તેને શબ્દકોષ તરીકે પ્રકાશિત કરવા માટે ફંડ નહોતું. જો કે તેણે સહાયક શિક્ષક તરીકે કાર્ય કર્યું પણ તેને નાણાકીય સહાય શોધવી પડી -
અમારી સંસ્થાએ કોરવા શબ્દકોષને નાણાકીય ભંડોળ પૂરું પાડવાનું નક્કી કર્યું છે.
તમારો ખૂબ ખૂબ આભાર, સર.
તે ઝારખંડના પાલામુની મલ્ટી-આર્ટ સંસ્થા હતી જે અંતે તેની મદદે આવી હતી.
આ 50-પાનાનો શબ્દકોષ મારી જનજાતિના અસંખ્ય લોકો સાથે વાત કરવાનું પરિણામ છે. તેમાં પ્રાણીઓ, પક્ષીઓ, રંગો, કપડા, ઘરગથ્થું વસ્તુઓના નામ અને રોજીંદા જીવનમાં વપરાતી દરેક વસ્તુનું નામ છે.
कोरवा भाषा शब्दकोष
સમુદાય તેની ભાષા અને સંસ્કૃતિ વડે ઓળખાય છે. તેને ભૂલીને, આપણે આપણી ઓળખને ભૂલાવીએ છીએ.
कोरवा भाषा शब्दकोष

# જીગર ઠક્કર




ચરણ, શું વાત છે?
હું સ્થાનિક બાસ્કેટબૉલ ટીમ માટે પ્રયાસ કરવા ઇચ્છતો હતો, સર. પણ તેમણે મને હું પર્યાપ્ત લંબાઈ ધરાવતો નથી એમ કહીને નકારી કાઢ્યો.
ચરણ, હિંમત હારીશ નહીં, પણ તેમને ખોટા સાબિત કર. હું તમને જીગર ઠક્કર નામના યુવાન માણસની વાત કહું, જે ઘણીં વિપરીત પરિસ્થિતિઓ છતાં એવોર્ડ-વિનિંગ સ્વિમર બન્યો.
જીગર ઠક્કરનો જન્મ 1998માં ગુજરાતનાં રાજકોટમાં થયો. થોડાં મહિનામાં તેના માતાપિતાનો આનંદ ચિંતામાં ફેરવાઈ ગયો.
તેના પગ મજબૂત નહોતા લાગતા. તે વારે વારે ઢીલા પડી જતા.
તે નવ મહિનાનો હતો ત્યારે -
તમને જણાવતા દિલગીર છું કે જીગરને સેરેબ્રલ પાલ્સી નામનો વિકાર છે.
એટલે શું ડૉક્ટર સાહેબ?
એનો અર્થ એ કે તેનું મગજ તેના શરીરને યોગ્ય રીતે નિયંત્રિત કરવા માટે સક્ષમ નથી. તેના માટે ચાલવું અને હરવું ફરવું એક સમસ્યા હશે. અને તેનું સંતુલન પણ પ્રભાવિત થશે.
તો તે ક્યારેય સ્વતંત્ર નહીં રહી શકે?
જરૂર થશે. આપણે તે વાતની ખાતરી કરીશું.
જીગરના માતા-પિતા હિંમત હારવાને બદલે તેને ફિઝિયોથેરાપિસ્ટ પાસે લઈ જઈને કસરત કરાવવા લાગ્યા.


જ્યારે જીગરની ઉંમર આઠ વર્ષની થઈ ત્યારે -
તે ખૂબ જ પ્રેરિત છે પરંતુ જો આપણે તેને ગમતી હોય એવી કોઈ રમત શોધી શકીએ તો તે મદદ કરશે. તેનાથી તેના સ્નાયુઓ મજબૂત થશે.
તેમણે થોડી રમતો અજમાવી પરંતુ કંઈ કામ થયું નહીં.
તે પછી, ફિઝિયોથેરાપિસ્ટે સ્વિમિંગની સલાહ આપી.
ના. અમે તેને પૂલમાં સુરક્ષિત કરી શકીશું નહીં. તે ડૂબી શકે છે!
જો હું પહેલા તરવાનું શીખી લઉં, તો હું આખો વખત તેની સાથે પાણીમાં રહી શકીશ.
જીગરની માતાએ પહેલાં તરવાનું શીખ્યું અને જલ્દી જ, જીગર પણ પાણીમાં હતો!
હી હી!
તેને તે ગમે છે!
સ્પ્લેશ
સ્પ્લેશ
આગલા જ વર્ષે, જીગરે જીલ્લા-સ્તરની સ્વિમિંગ પ્રતિસ્પર્ધામાં તેની સ્કૂલનું પ્રતિનિધિત્વ કર્યું.
શું તમે માની શકશો કે એક છોકરો કે જે બેસે ત્યારે પણ તેનું પોતાના શરીર પર 80% નિયંત્રણ હોતું નથી? તે સામાન્ય બાળકોની સામે હરિફાઈ કરી રહ્યો છે.
14 વર્ષની ઉંમર સુધીમાં જીગર ખૂબજ પ્રેરિત અને મહત્વાકાંક્ષી હતો.
હું નેશનલ પેરા સ્વિમિંગ કોમ્પિટીશનમાં ભાગ લેવા માંગું છું. મેં ઇન્ટરનેટ પર તેની શોધ કરી છે અને જીમ જવાથી મને તેના માટે તૈયારી કરવામાં મદદ મળશે.
જલ્દી જ, જીગરનું એક રૂટીન બની ગયું. તે સવારમાં તરવા જશે, સ્કૂલ જશે, તે પછી જીમમાં પ્રશિક્ષણ મેળવશે અને તે પછી ફરીથી સ્વિમિંગ પ્રેક્ટિસ માટે જશે.




*ઇન્ટરનેશનલ ડોઇશ મીસ્ટરશાફ્ટેન, જર્મની દ્વારા આયોજિત પેરા સ્વિમિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ.

# ક્રિષ્નીલ અનિલ




*મલયાલમ ભાષામાં માતા
^મલયાલમ ભાષામાં પિતા


દેશોના ધ્વજ જેવી સરળ પેટર્નથી શરૂ કરીને...
...ક્રિષ્નીલે જલ્દી જ પૂર્ણ આકારના મોઝેક પોર્ટ્રેટ્સ બનાવવાનું શરૂ કર્યું.
તેણે તેના મિત્રો, શિક્ષકો અને એથ્લીટ તથા ફિલ્મ તારકોના પોર્ટ્રેટ્સ પણ બનાવ્યાં.
આમાંની કેટલીક હસ્તીઓએ તેના કામને સોશિયલ મીડિયા પર રીશેર કર્યું, તેનાથી તેને ખ્યાતિ મળી.
ક્રિષ્નીલે રાહુલ ગાંધી અને પ્રધાનમંત્રી મોદીના મોઝેક પોર્ટ્રેટ પણ બનાવ્યાં. રાહુલ ગાંધીએ તેની મુલાકાત લીધી અને પ્રધાનમંત્રી મોદીએ મન કી બાત પર તેનો ઉલ્લેખ કર્યો.
3X3 રુબિક્સ ક્યુબ પર નિષ્ણાત થયા પછી, તેણે તમામ આકાર અને કદના ક્યુબ્સ ઉકેલવાનું શીખ્યું.
તેના YOUTUBE ચેનલ 'ક્રિષ્નીલ અનિલ' પર લગભગ 200 વીડિયો છે. તેમાં તેની મોઝેક પોર્ટ્રેટની ટાઇમ-લેપ્સ ફૂટેજ, અલગ-અલગ ક્યુબ્સની વીડિયો સમીક્ષા અને રુબિક્સ ક્યુબનો કોયડો ઉકેલવામાં અન્ય લોકોની મદદ કરવા માટેના ટ્યુટોરિયલ્સ સામેલ છે.
L L U U D D F F B B
સૌપ્રથમ, તમારે એક બાજુ પર એક ક્રોસ બનાવવાની જરૂર પડશે.
ક્રિષ્નીલ, હવે નવ વર્ષનો છે, તે ક્યુબિંગ પ્રતિસ્પર્ધાઓમાં ભાગ લે છે અને એક ખેલાડી તરીકે તેનું એક સારી રેંક સુરક્ષિત કરવાનું ધ્યેય છે.

# મદુરાઈ ચિન્ના પિલ્લઈ














*સર





*તમિળનાડુમાં
^તમિલમાં 'ગ્રેનરી' અને 'સમૃદ્ધિ' બંનેનો અર્થ થાય છે





ચિન્નાએ મહિલાઓને સુશિક્ષિત કરી અને ગામે ગામ જઈને આ પ્રોગ્રામનો પ્રચાર કર્યો.
અમે આ થોડાંક વર્ષોથી કરી રહ્યાં છીએ. અમે અન્ય લોકો પર હવે આશ્રિત નથી.
આપણે પણ એક શરૂ કરવું જોઈએ!
હા.
તેણીની અવિશ્વસનીય કામગીરીને લીધે, ચિન્ના કાલંજીયમની એક્ઝિક્યુટીવ કમિટીની એક સભ્ય બની ગઈ.
તમારા લીધે, ઘણી બધી મહિલાઓ આ આંદોલન સાથે જોડાઈ છે અને સમગ્ર રાજ્યમાં તેમના ગ્રૂપ બનાવ્યાં છે.
દશકો પછી આ આંદોલન સમગ્ર તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને પુડુચેરીના સેંકડો ગામમા પ્રસર્યું.
માઇક્રોફાઇનાન્સ અને કોમ્યુનિટી બેંકિંગના ક્ષેત્રમાં તેણીના કામ માટે, ચિન્ના પિલ્લઈ 1999માં સ્ત્રી શક્તિ પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા બની.
તેની સ્ટોરીથી અભિભૂત થઈને, તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપેઈએ આદરપૂર્વક તેનો ચરણસ્પર્શ કર્યો.
2019માં તેણીને પદ્મશ્રી પુરસ્કાર પણ અપાયો.
તામિલનાડુંના એક નાના ગામને એક અભણ ખેતી મજદૂર, ચિન્ના પિલ્લઈ એ બધા માટે એક પ્રેરણા છે જેઓ તેમના સંજોગોને તેમની સફળતાને વ્યાખ્યાયિત કરવા દેતા નથી.

# મીરા શેનોય



શ્રેયસ, તું આટલું ધ્યાનપૂર્વક શું વાંચી રહ્યો છે?
અરે તે ખૂબ રસપ્રદ સ્ટોરી છે, સોનલ! તે અરુણિમા સિંહા વિશેની સ્ટોરી છે જેણે ચાલુ ટ્રેનમાંથી પડી જવાને લીધે એક પગ ગુમાવ્યો હતો...
...અને હમણાં તેણે માઉન્ટ એવરેસ્ટ સર કર્યો છે!
ઘણા વિકલાંગ લોકોએ જીવનમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. મીરા શેનોય એવી જ એક વ્યક્તિ છે જે અલગ-અલગ વિકલાંગ લોકોને તેમની પોતાની ક્ષમતા પીછાણવામાં મદદ કરે છે.
મીરા શેનોય ઉછરી રહી હતી ત્યારે, તે બે લોકોથી પ્રેરિત થઈ. તેના દાદાજી...
યાદ રાખ મીરા, તારે તારી કમાણીના દસ ટકા તો તે લોકો માટે છોડવા આવશ્યક છે કે જેઓ...
...જેઓ ઉદાર દિલના સામાન્ય માણસ છે...
...અને તેણીની માતા, જેણે શેરબજારમાં નેવિગેટ કરવાનું શીખ્યું અને પોતાના નાના વારસાને પોતાની પુત્રીઓ માટે નોંધપાત્ર નસીબમાં ફેરવી દીધું.
લગ્ન પછી મેડિસિનનો અભ્યાસ કરવાનો અવસર ગુમાવ્યો. પરંતુ તમારે છોકરીઓએ તે બધુ કરવાનું છે જે તમે કરવા માંગો છો.


મીરા મોટી થઈ, ત્યારે તેને સમજાયું કે તેની રુચિ ગરીબ ગ્રામીણ યુવાઓને ભારતના આત્મવિશ્વાસી નાગરિક બનાવવામાં છે.
ખેડૂત બનવામાં ખોટું શું છે? હું છું, તારા દાદાજી પણ એક ખેડૂત હતા....
બરાબર! તેના કારણે જ આપણે ગરીબ રહી ગયા છીએ.
તેઓ ગામમાં ગરીબી અને ભૂખમરો જુએ છે, જ્યારે કે ફિલ્મો તેમને મોટરબાઇક્સ અને આકર્ષક કપડાં પહેરેલા યુવાનો દેખાડે છે. તેમને માર્ગદર્શનની જરૂર છે નહીંતર તેઓ ખોટો વિકલ્પ ચૂંટશે.
મીરાએ 2005માં ભારતમાં આંધ્ર પ્રદેશ માટે પ્રથમ સ્કિલિંગ મિશન શરૂ કર્યું. તેનું નામ હતું એમ્પ્લોયમેન્ટ જનરેશન એન્ડ માર્કેટિંગ મિશન (EGMM).
મીરાને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો પણ તેણીએ સખત મહેનત કરી અને EGMMને જબરજસ્ત સફળતા મળી. તે પછી એક દિવસ -
આ રિપોર્ટ જણાવે છે કે વિશ્વના 80% અપંગ યુવાઓ, ભારત જેવા વિકાસશીલ દેશોમાં છે.
આપણને જરૂર છે એક સારા પ્રોગ્રામની કે જે અપંગ યુવાનોને નોકરી અપાવવામાં મદદ કરે. તમને શું લાગે છે સુબોધ?
તે ખૂબ સારો વિચાર છે.
મીરાના પતિ, ડૉ. સુબોધ શેનોય, એક જાણીતા ભૌતિકશાસ્ત્રી છે.
મારે સૌપ્રથમ તેવા સફળ લોકોને મળવું પડશે જેઓ અપંગતા ધરાવે છે.
સારું કાર્ય કરવા માટે અપંગ વ્યક્તિને શું પ્રેરિત કરે છે તે વિશે મીરાએ ખૂબ સંશોધન કર્યું. આ એક પ્રેરક પુસ્તક બન્યું છે - ‘યુ કેન’.





*ડીફ-બહેરા


**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ


^લેમ (પંગુ)

# રિંગફામી યંગ





*કાઉન્સિલ ઑફ સાઇન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રીસર્ચ (CSIR) અને ઇન્સ્ટિટ્યુટ ઑફ હિમાલયન બાયોરિસોર્સ ટેક્નોલોજી (IHBT)નો સંયુક્ત પ્રોગ્રામ


હા, પણ હવે સફરજનોની ઘણી બધી વેરાઇટીઝ છે.
એક 'લો ચિલ' વેરાઇટી છે જેને ખીલવા માટે પરંપરાગત ઠંડા તાપમાનની જરૂર હોતી નથી. તેના જ વિશે અમે તમને બતાવવા જઈ રહ્યાં છીએ.
Training Programme
entific and Industrial Research
and OF Himalayan
resou nology (IHBT)
MENT INDIA.
તે ઉગશે તેની હજી કોઈ ગેરેંટી નથી. તો આ જોખમ કોણ લેશે?
ઘણાં લોકોને ખાતરી થઈ નહીં, પણ રિંગફામીને આવા સફરજન વિશે બધું જ જાણવા મળ્યું.
આગલા જ વર્ષે, રોગચાળો આવી ગયો.
હવે આપણે ઘરમાં જ રહેવું પડશે, તો ચાલોને આપણે લો ચિલ સફરજન ઉગાડી જોઈએ.
હા. પ્રયોગ કરવા માટે આ સારો સમય છે.
સરકારની સહાયથી, રિંગફામી અને થોડા અન્ય લોકોએ અન્ના, ડોર્સેટ ગોલ્ડન તથા અન્ય લો ચિલ વેરાઇટીઝ વાવી.
આ છોડવાઓને ખૂબ પોષણની જરૂર પડશે.
ઠીક છે, આપણી પાસે તે કરવા માટે પૂરો સમય છે.
આ યુગલે તે છોડવાઓને જરૂરી પોષણ પ્રદાન કર્યું. વૃક્ષો ઉગવાનું શરૂ થયું...
મેં 90 છોડવાઓ વાવ્યા હતા અને 85 જીવી ગયા છે.



...અને તેના પર બહાર આવી છે. 2021માં -
સફરજન! તેમાંના કેટલાય પર દેખાય છે!
સૌપહેલા વર્ષે, તેમણે લગભગ 200 કિલો સફરજનનું ઉત્પાદન કર્યું!
તે પ્રદેશમાં કે જ્યાં સફરજનો ક્યારેય ઉગતા નથી!
તે તો ચમત્કાર છે!
આની ઉજવણી કરવા માટે, રિંગફામીએ તેમાંથી મોટાભાગના સફરજન તેના મિત્રો અને પરિવારમાં વહેંચી દીધા.
રિંગફામીનો ઉલ્લેખ મન કી બાતમાં થયો અને મુખ્યમંત્રી, એન. બિરેન સિંઘ દ્વારા પણ તેમની પ્રશંસા થઈ.
આવો સ્વસ્થ પાક જોઈને મને ખૂબ ખુશી થાય છે. તમે એક જોખમ લીધું અને તમારી સખત મહેનતે મને આપણાં હોર્ટીકલ્ચર સેક્ટરમાં મોટી આશા જન્માવી છે.
તેણે નાણાકીય પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યો.
આ પૈસા વડે, આપણે આપણી સફરજનની ખેતીને વિસ્તૃત કરી શકીએ છીએ.
આપણને ઉખરુલમાં કોલ્ડ સ્ટોરેજ અને ફૂડ પ્રોસેસિંગ સુવિધાઓની પણ જરૂર પડશે. તેનાથી આપણને અને અન્ય ખેડૂતોને પણ મદદ મળશે. આપણી પેદાશોની પછી ઉત્તમ શેલ્ફ લાઇફ હશે અને માર્કેટ સુધી પહોંચવા પણ તે સક્ષમ હશે.
રિંગફામી હવે અન્ય ખેડૂતોને પણ સફરજનની ખેતી માટે પ્રશિક્ષિત કરી રહ્યાં છે જેથી કરીને મણિપુર પોતાના ઘર આંગણે ઉગાડેલા સફરજન પર ગર્વ કરી શકે.


# શ્રીધર વેમ્બુ




* પિતા


^ન્યુ જર્સી, યુ.એસ.એ.ની એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટી


શ્રીધરે એક ઉદ્યોગસાહસીની ભાવનાને પણ પોષી. 1996માં -
આપણે ક્યાં સુધી બીજા લોકો માટે કામ કરતા રહીશું? આપણે પોતાની કંપની કેમ ન શરૂ કરીએ?
આપણે ભાઈઓમાંથી વ્યવસાય ભાગીદાર બનીશું!
સાથે મળીને, તેમણે ADVENTNET નામથી એક સૉફ્ટવેર ડેવલપમેન્ટ હાઉસ શરૂ કર્યું
શ્રીધર અને તેના કુટુંબનું જીવન ઉન્નતિના માર્ગે હતું.
આપણી કંપનીની આવક ચાર વર્ષની અંદર દસ મિલિયન ડૉલરને વટાવી ગઈ છે!
હવે આપણને કોઈ રોકી શકે એમ નથી!
2009 માં, કંપનીનું નામ બદલીને ઝોહો કોર્પોરેશન રાખવામાં આવ્યું. પછીના દાયકામાં, તે યુ.એસ.એ.માં અને સમગ્ર વિશ્વમાં એક પ્રતિષ્ઠિત ટેક કંપની બની ગઈ હતી.
પરંતુ વેમ્બુના મનમાં બિઝનેસ અને નફા કરતા કોઈ વધુ મહત્વપૂર્ણ વસ્તુઓ હતી.
જો હું મારા પોતાના દેશની મદદ કરી શકતો ન હોઉં તો આ બધી સફળતાનો શો ફાયદો? મારે પાછું જવું જ જોઈએ. મારે મારા સંસાધનોનો ઉપયોગ રોજગાર નિર્માણ કરવામાં અને ભારતને સૉફ્ટવેર સેક્ટરમાં આત્મ-નિર્ભર બનાવવામાં મદદ કરવા માટે કરવો જોઈએ.
જલ્દી જ -
હું ભારત પાછો ફરવા માંગું છું. હું તામિલનાડુંમા મથાલમ્પરાઈ ગામમાં આપણી ઑફિસ ખોલવા માંગુ છું.
ભારત પાછા ફરવાનો વિચાર મને ગમ્યો.
પણ એક ગામમાંથી આપણે આપણાં ઓપરેશનો કેવી રીતે ચલાવીશું?
મોટા શહેરોમાં અત્યંત ભીડ અને પ્રદૂષણ છે, જ્યારે કે ગ્રામીણ વિસ્તારોમાં ઘણી બધી પ્રતિભાઓ છે. આપણે ભારતના દરેક ભાગમાં તકો ઊભી કરવી પડશે.






*30,000 કરોડથી વધુ


# વેદાંગી કુલકર્ણી



તમારામાંથી કેટલા દરરોજ નિશાળે સાયકલથી આવે છે?
હું આવું છું, સર.
હું પણ.
હું પણ સાયકલથી જ.
આજે, હું તમને વેદાંગી કુલકર્ણી નામની એક યુવાન મહિલા વિશે વાત કહેવાનો છું. જે વિશ્વની સાયકલથી સફર કરનારી સૌથી યુવાન મહિલા છે.
વેદાંગી કુલકર્ણીનો ઉછેર સાહસ પર જ થયો હતો. મોટી થઈને, તેણે જેટલો સમય ઘરની અંદર વિતાવ્યો તેટલો જ સમય ઘરની બહાર વિતાવ્યો.
વાઉ, આ એક સારી પદયાત્રા હતી.
દૃશ્ય કેટલું સુંદર છે!
17ની ઉંમરે, વેદાંગીએ તેના માતા-પિતાના સપોર્ટથી સમગ્ર હિમાલયની સફર સાયકલથી કરવાનું નક્કી કર્યું.
બ્રોશર્સ અનુસાર, તેણી કોઈપણ ટૂરમાં જોડાવવા માટે ખૂબ નાની છે.
આપણે કારથી તેને ફૉલો કરીશું. તે સુરક્ષિત છે પણ તેને સ્વતંત્રતાનો અનુભવ થશે.
તે પછી અઢી અઠવાડિયા અને 767 કિલોમીટરનો પ્રવાસ, વેદાંગીએ મનાલીથી લઈને શ્રીનગર સુધી સાયકલ ચલાવી.
હમ્મ, મારે આગલી યાત્રા ક્યાંની કરવી જોઈએ?


શાળા સમાપ્ત કર્યા પછી, તે સ્પોર્ટ્સ મેનેજમેન્ટના અભ્યાસ માટે ઇંગ્લેંડ ગઈ. ત્યાંના લોકો, જગ્યા, સંસ્કૃતિ - તે બધું જ સાવ અલગ અને ભટકાવનારું હતું.
શું હું અહીં મિત્રો બનાવી શકીશ? હું અહીં કેવી રીતે એડજસ્ટ થઈશ?
એક જ વાત અકબંધ હતી - તે તેનો આકર્ષક આઉટડોર પ્રત્યેનો પ્રેમ.
ખુલ્લાં આકાશ નીચે જ્યારે વેદાંગી સાયકલ ચલાવતી, તેની ચિંતાઓ સમાપ્ત થઈ જતી અને તેને મુક્તતાનો અહેસાસ થતી.
હું વિશ્વભરનું ભ્રમણ સાયકલથી કરવા માંગુ છું અને જોવા માંગુ છું કે સૌથી ઝડપી રેકોર્ડને તોડી શકું છું કે નહીં.
વેદાંગીના નિર્ણયે તેનું જીવન બદલી નાંખ્યું.
હજી પણ કૉલેજનું કામ નિપટાવવા ઉપરાંત, તેણીએ પહેલાં કરતા વધુ સખત તાલીમ લેવાનું શરૂ કર્યું.
મારે સફળ થવા માટે શારીરિક અને માનસિક રૂપે સ્વસ્થ થવાની જરૂર છે.
રસ્તાઓનો નકશો તૈયાર કરવામાં આવ્યો, દસ્તાવેજો તૈયાર થયા અને આ અભિયાન માટે એક નવી સાયકલ બનાવવામાં આવી.
આ એકદમ યોગ્ય છે! હું તેનું નામ કેપ્પુચિનો રાખીશ.
17 જુલાઈ, 2018ના રોજ વેદાંગીએ શરૂઆત કરી.
ઑસ્ટ્રેલિયાથી શરૂ કરીને, તેણે 14 દેશોની યાત્રા સાયકલ દ્વારા કરી.


કેનેડામાં ભૂરા રીંછથી માંડ માંડ બચી...
...અને સ્પેનમાં છરીની અણી પર લૂંટાઈ...
...રશિયામાં થીજાવી દેતા બરફમાં કેમ્પિંગ કર્યું...
...તે કોઈ સરળ રસ્તો નહોતો.
પણ, ઘણી બધી રીતે તે લાભદાયક રહી. તેણે નવા મિત્રો બનાવ્યાં...
...તેની ક્ષમતાઓને લીધે તેના આત્મવિશ્વાસમાં વધારો થયો...
...અને તેણે પોતાનો 20મો જન્મદિવસ, રસ્તામાં ઉજવ્યો.
24મી ડિસેમ્બર, 2018ના રોજ, વેદાંગી ફિનિશ લાઇન સુધી, એટલે કે પાછી ઑસ્ટ્રેલિયા પહોંચી.
29,000 કિલોમીટર. મેં તે કરી લીધું!
તે આ અભિયાન કરનારી સૌથી ઝડપી મહિલા તો નહોતી, જેવું કે તેણે ધાર્યું હતું, પણ તે સૌથી નાની ઉંમરની મહિલા જરૂર હતી.
2023માં, વેદાંગી લેહ-મનાલી હાઇવે પર સાયકલિંગ કરનારી સૌથી ઝડપી મહિલા બની. હવે તે પોતાના અનુભવો વિશે વાત કરે છે.
સાયકલિંગે મને શીખવ્યું કે સહનશક્તિ એ મનની અવસ્થા છે.
તેણે અન્ય લોકો જાતે સાહસ ખેડી શકે તે માટે મદદરૂપ થવા 'ધ એડવેંચર શેડ' નામની એક્સપેડિશન મેનેજમેન્ટ કંપની શરૂ કરી.



# મન કી બાત

## વોલ્યુમ 9

જેઓ ધારી લે તેમના માટે અશક્ય કંઈ જ નથી. પછી ભલે અપંગતા હોય, ગરીબી હોય, શિક્ષણ અથવા સંસાધનોની કમી હોય, લોકો પોતાના ધ્યેયોને આંબવા માટે પોતાની અને અન્ય લોકોની મદદ કરવા વિશાળ અવરોધોને પાર કરી લે છે.

મન કી બાતનું નવમું વોલ્યુમ દેશભરનાં તે લોકો વિશે છે જેમની હિંમત અને દૃઢનિશ્ચય તેમણે સામનો કરેલા પડકારો કરતા વધુ હતો.

વેદાંગી કુલકર્ણી, કે જે 20 વર્ષની ઉંમરે વિશ્વભરનો સાયકલ પ્રવાસ કરનારી સૌથી નાની ઉંમરની મહિલાથી લઈને, રિંગફામી અને એંજલ યંગ, કે જેમણે એવા પ્રદેશમાં સફરજનની ખેતી કરી કે જ્યાં સફરજન ઉગાડવા લગભગ અશક્ય હતા, અને મદુરાઈ ચિન્ના પિલ્લઈ, જેણે પોતાના જેવી અન્ય ગ્રામીણ મહિલાઓને નાણાકીય રીતે સદ્ધર બનાવવા માટે કોમ્યુનિટી બેંકિંગ ગ્રૂપ શરૂ કર્યું ત્યાં સુધી. આ સ્ટોરી તેનો પુરાવો છે કે જો વ્યક્તિ કંઈ કરવાનું ધારી લે તો તેના માટે કંઈપણ કરવું શક્ય છે, ‘મન હોય તો માળવે જવાય’ એ કહેવત અનુસાર.



₹99

www.amarchitrakatha.com
ISBN 978-93-6127-274-5
9 789361 272745